પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯૧ | ૧૧ જુન, ૨૦૨૨, શનિવાર; જયેષ્ઠ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વિકાસ અમારી સરકારનો મુખ્ય મંત્ર : મોદી

## મારા કાર્યકાળમાં એક પણ સપ્તાહ વિકાસ કાર્યો વગર નથી ગયું: ભૂતકાળમાં આ વિસ્તારોમાં સાયન્સની સ્કૂલો નહોતી : ૨૦૦૧થી આદિવાસી વિસ્તારોની કાયાપલટ શરુ થઈ હોવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દાવો : વડાપ્રધાન એક દિવસની ગુજરાતની મુલાકાતે

નવસારી, તા.૧૦

એક દિવસની ગુજરાતની મુલાકાતે આવેલા પીએમ નરેન્દ્ર મોદીએ આજે નવસારીમાં વિશાળ જનમેદની સંબોધતા જણાવ્યું હતું કે, એક સમયે ગુજરાતના આદિવાસી પટ્ટામાં પાણી માટે લોકો વલખા મારતા હતા, જ્યારે હવે તેમને નળથી જળ મળી રહ્યું છે. પીએમે ૨૦૦૧થી આદિવાસી વિસ્તારોની કાયાપલટ શરુ થઈ હોવાનો દાવો કરતા કહ્યું હતું કે ભૂતકાળમાં આ વિસ્તારોમાં સાયન્સની સ્કૂલો નહોતી, જ્યારે આજે અહીં એન્જિનિયરિંગ અને મેડિકલ કોલેજો પણ શરુ થઈ ગઈ છે. પોતાના ભાષણમાં પીએમે સીએમ ભૂપેન્દ્ર પટેલ અને સીઆર પાટીલની જોડીના પણ વખાણ કર્યા હતા, તેમજ વલસાડના અંતરિયાળ પહાડી વિસ્તારોમાં પાણી પૂરું પાડતા એસ્ટોલ પ્રોજેક્ટનો શુભારંભ કરતા જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ એન્જિનિયરિંગનો અદ્દભૂત નમૂનો છે.







વર્તમાન સરકારના વખાણ કરતા કહ્યું હતું કે, આટલા વર્ષ સીએમ તરીકે કામ કર્યું, પરંતુ ક્યારેય આદિવાસી વિસ્તારોમાં આટલો મોટો કાર્યક્રમ નહોતો થયો. આજે મને તે વાતનો ગર્વ થઈ રહ્યો છે કે ગુજરાત છોડ્યા બાદ જે-જે લોકોએ ગુજરાતને સાચવવાની જવાબદારી નીભાવી, તેમજ આજે ભૂપેન્દ્રભાઈ અને સી.આર.ની જોડી જે ઉમંગ અને ઉત્સાહ સાથે જે નવો વિશ્વાસ જગાડી રહી છે તેના પ્રતાપે આજે આ સભામાં પાંચ લાખથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા છે. ગુજરાતની જનતાનો મારા પ્રત્યેનો ગર્વ જે રીતે વધી રહ્યો છે તે મારા માટે ગર્વની બાબત છે.

ડબલ એન્જિનની સરકાર ગુજરાતના વિકાસની ગૌરવશાળી પરંપરાને આગળ વધાવી રહી છે તેમ જણાવતા પીએમે કહ્યું હતું કે, આજે જે પણ પ્રોજેક્ટ્સના

● અનુસંધાન પાન-૭ પર

## રેપો રેટ વધ્યાના ૨૪ કલાકમાં ૭ બેંકે વ્યાજ દર વધારી દીધા

નવી દિલ્હી, તા.૧૦

બેકાબૂ મોંઘવારી પર અંકુશ મેળવવા માટે રિઝર્વ બેંક રેપો રેટ વધારવાના રસ્તા પર પાછી ફરી છે. સૌથી પહેલા તો રિઝર્વ બેંકે મે મહિનામાં રેપો રેટમાં ૦.૪૦ ટકાનો વધારો કર્યો હતો. તે પછી જૂનમાં યોજાયેલી એમપીસીમીટિંગ (આરબીઆઈ એમપીસીમીટ જૂન ૨૦૨૨) પછી કેન્દ્રીય બેંકે ફરીથી રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કર્યો. આ રીતે મે-જૂનમાં રેપો રેટ ૦.૯૦ ટકા વધીને ૪.૯૦ ટકા થયો છે. રેપો રેટમાં નવીનતમ વધારો આ અઠવાડિયે બુધવારે થયો હતો. તેની અસર લોન લેનારા લોકોને પડી રહી છે. રિઝર્વ બેંકની જાહેરાત બાદ માત્ર ૨૪ કલાકમાં ૭ બેંકોએ વ્યાજદરમાં વધારો કરવાની જાહેરાત કરી.

## કોરોનાના નવા કેસોમાં ૪.૮%નો વધારો

**દેશમાં કોરોનાના નવા ૭૫૮૪ કેસ : ભારતમાં રિકવરી રેટ વધીને ૯૮.૭% થઈ ગયો છે : છેલ્લા ૨૪ કલાકમાં ૩,૭૯૧ દર્દીઓ કોરોનાથી સાજા થયા છે : મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ**

નવી દિલ્હી, તા.૧૦

કોરોના ચેપ સામેની લડાઈ હજી પણ વિશ્વભરમાં ચાલી રહી છે. આ દરમિયાન ભારતમાં પણ કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોવિડ-૧૯ના ૭,૫૮૪ નવા કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે ૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સાથે જ આ સમયગાળા દરમિયાન કોરોનાથી સંક્રમિત ૩,૭૯૧ દર્દીઓ સાજા પણ થયા છે.

૫ સૌથી વધુ સંક્રમિત રાજ્યો વિશે વાત કરીએ તો, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૨૮૧૩, કેરળમાં ૨૧૯૩, દિલ્હીમાં ૬૨૨, કર્ણાટકમાં ૪૭૧ અને હરિયાણામાં ૩૪૮ હતા. દેશમાં મળી આવેલા કુલ કેસોમાંથી ૮૫% આ ૫ રાજ્યોમાં મળી આવ્યા છે. જ્યારે એકલા મહારાષ્ટ્રમાં ૩૭.૦૯% કેસ મળી આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૨૪ લોકોના મોત થયા છે. જ્યારે તેના એક દિવસ પહેલા માત્ર ૮ લોકોના મોત થયા હતા.

## ઔરંગાબાદમાં ડુંગળીનો ભાવ કિલોએ ૭૫ પૈસા, ખેડૂતો ચિંતિત

નવી દિલ્હી, તા.૧૦

કેરાલા, યુપી અને બિહાર, હિમાચલ પ્રદેશ અને કર્ણાટક જેવા રાજ્યોમાં ખેડૂતોને ડુંગળી માટે સારા ભાવ મળી રહ્યા છે ત્યારે દેશમાં કુલ ડુંગળીનુ ૪૦ ટકા ઉત્પાદન કરતા મહારાષ્ટ્રમાં ખેડૂતોની હાલત કફોડી છે.

મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં તો એક તબક્કે એક કિલો ડુંગળીનો ૭૫ પૈસા ભાવ રહ્યો હતો. નાસિક જિલ્લામાં પણ ખેડૂતોને મળી રહેલા સાવ ઓછા ભાવ ચિંતાનો વિષય છે.

મહારાષ્ટ્રના ડુંગળી ઉત્પાદક સંગઠનના અધ્યક્ષ ભારત દિધોલેનુ કહેવુ છે કે, મહારાષ્ટ્રથી ડુંગળી માટે કેરાલા અને કર્ણાટક સુધી ટ્રેન ચલાવવામાં

● અનુસંધાન પાન-૭ પર

## નૂપુર શર્માની ધરપકડની માગ સાથે દેશમાં અનેક સ્થળે દેખાવો

**રાંચીમાં તોફાની ટોળાને કાબૂમાં લેવા ફાયરિંગ, દિલ્હી, મોરાદાબાદમાં પણ પ્રદર્શન, લખનૌમાં આવેલી ટીલેવાળી મસ્જિદ પર લોકોએ નારેબાજી કરી**

રાંચી, તા.૧૦

ભાજપના સસ્પેન્ડ પ્રવક્તા નુપુર શર્માના નિવેદન પર હંગામો શુક્રવારે રાંચી પહોંચ્યો હતો. શુક્રવારની નમાજ બાદ મુખ્ય માર્ગ પર વિરોધ કરી રહેલા લોકોએ સૂત્રોચ્ચાર કર્યા બાદ અચાનક જ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. તેમને રોકવા માટે પોલીસે અનેક રાઉન્ડ હવામાં ફાયરિંગ કર્યું હતું. પ્રદર્શનકારો પર લાઠીચાર્જ પણ કરવામાં આવ્યો હતો. પથ્થરમારો અને લાઠીચાર્જમાં એક ડઝનથી વધુ પોલીસકર્મીઓ અને દેખાવકારો ઘાયલ થયા હતા. હંગામા બાદ રાંચી જિલ્લા પ્રશાસને સુજાતા ચોકથી ફિરયાલાલ ચોક સુધીના મુખ્ય માર્ગ અને બંને બાજુ ૫૦૦ મીટરના અંતર સુધી પ્રતિબંધિત આદેશો લગાવી દીધા છે. આ વિસ્તારમાં ૫ કે ૫ થી વધુ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ રહેશે.

મળતી માહિતી મુજબ સ્થિતિને કાબૂમાં લેવા માટે રેપિડ




એક્શન ફોર્સ અને મોટી સંખ્યામાં પોલીસકર્મીઓને બોલાવવામાં આવ્યા છે. હંગામાને કારણે મુખ્ય માર્ગ પર લગભગ ત્રણ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલી તમામ દુકાનો બંધ કરી દેવામાં આવી છે. શહેરના ડોરાંડા વિસ્તારમાં પણ જોરદાર વિરોધ કરવામાં આવ્યો છે. અહીં હંગામા બાદ ડીસીના આદેશથી શહેરી વિસ્તારોમાં કર્ફ્યુ લગાવી દેવામાં આવ્યો છે. જે બાદ પોલીસ કડકાઈથી રસ્તા પરના લોકોને ઘરે જવા માટે કહી રહી છે. તમામ દુકાનો બંધ કરી દેવામાં આવી છે. રાંચીના એસએસપી સુરેન્દ્ર કુમાર ઝા બદમાશો દ્વારા કરવામાં આવેલા પથ્થરમારામાં ઘાયલ થયા છે. તેમની સેન્ટવિટા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. તે જ સમયે, પથ્થરમારામાં સિટી એસપી, સિટી ડીએસપી, ઘણા સ્ટેશન ઈન્ચાર્જ સહિત ઘણા સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હતા.

કહેવામાં આવી રહ્યું છે કે શુક્રવારે શહેરમાં મુસ્લિમ સમાજના લોકોએ નુપુર શર્મા અને નવીન જિંદાલની ધરપકડની માગ સાથે દુકાનો બંધ રાખી હતી. સવારથી શહેરની રોજીંદી બજાર સદંતર બંધ હતા. બે વાગ્યાની નમાજ બાદ અચાનક જ હજારો લોકો સૂત્રોચ્ચાર કરતા મુખ્ય માર્ગ પર ઉતરી આવ્યા હતા. જ્યારે ભીડ મુખ્ય માર્ગ ઈકરા મસ્જિદથી નાસભાગના રૂપમાં આગળ વધવા લાગી ત્યારે પોલીસ દળે

## રાજસ્થાનમાં કોંગ્રેસના ત્રણ અને કર્ણાટકમાં ભાજપના ત્રણ રાજ્યસભામાં વિજયી

જયપુર, તા.૧૦

રાજસ્થાનમાં અત્યંત રસાકસીભર્યા જંગમાં રાજ્યસભાની ૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના ૩ ઉમેદવારો અને ભાજપના ૧ ઉમેદવાર વિજયી બન્યા છે.

નોંધપાત્ર બાબત છે કે, ઈલેક્ટ્રોનિક મિડીયાના માંધાતા ઝી-ટીવીના સુભાષચંદ્રાનો પરાજય થયો છે. જેઓ ભાજપના સમર્થનથી ચૂંટણીમાં ઉભા રહ્યા હતા.

જ્યારે કર્ણાટકમાં ૪ બેઠકની ચૂંટણીમાં ભાજપના ૩ ઉમેદવાર અને કોંગ્રેસનો ૧ ઉમેદવાર વિજયી થયા હતા. જેડીએસના એક ઉમેદવારનો પરાજય થયો હતો.

## ભારતથી આકાશ મિસાઈલ સિસ્ટમ ખરીદવા વિયેતનામની વિચારણા

**ચીન સાથે બાથ ભિડવા વિયેતનામ સજ્જ બની રહ્યું છે : ચીનના પાડોશી દેશને ભારત પોતાના હથિયારોથી સુસજ્જ કરવા માટેની યોજના પર હવે આગળ વધી રહ્યું છે**

નવી દિલ્હી, તા.૧૦

ચીન સાથે બાથ ભીડનારા વિયેતનામે ભારત પાસેથી બ્રહ્મોસ ક્રુઝ મિસાઈલ ખરીદી છે અને હવે ભારતની આકાશ મિસાઈલ સિસ્ટમ ખરીદવા માટે પણ વિયેતનામ વિચારણા કરી રહ્યુ છે.

આમ ચીનના પાડોશી દેશને ભારત પોતાના હથિયારોથી સજ્જ કરવાની યોજના પર આગળ વધી રહ્યુ છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે હાલમાં ભારતના સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ વિયેતનામ પ્રવાસે છે ત્યારે વિયેતનામને આકાશ મિસાઈલ માટે ભારત ઓફર આપી શકે છે. તેનાથી ભારતના ઘર આંગણે હથિયાર ઉત્પાદનને પ્રોત્સાહન મળશે તેમજ વિયેતનામ અને ભારત વચ્ચેની દોસ્તી વધારે મજબૂત બનશે.ચીનની સામે વિયેતનામની ક્ષમતા પણ વધશે.

જોકે આ ડીલ અંગે બંને દેશો તરફથી કોઈ સમર્થન આપવામાં આવ્યુ નથી. ભારતની મિસાઈલ સિસ્ટમ આકાશ ઓછા અંતર સુધી આકાશમાં પ્રહાર કરવા માટે સક્ષમ છે. તેની રેન્જ ૨૫ કિમીની છે અને તે એક સાથે ઘણા ટાર્ગેટ પર પ્રહાર કરી શકે છે. વાયુસેના અને સેનામાં આ સિસ્ટમ ૨૦૧૫થી સામેલ છે. આકાશ સિસ્ટમ રશિયન સિસ્ટમ કુબ પર આધારિત છે.૨૦૧૭થી ભારત અને વિયેતનામ વચ્ચે આ સિસ્ટમ માટે વાટાઘાટો ચાલી રહી છે. હવે આકાશ સિસ્ટમના નવા વર્ઝન આકાશ એનજી માટે વિયેતનામે રસ બતાવ્યો છે. વિયેતનામે તો આ સિસ્ટમની ટેકનોલોજી પણ ભારત શેર કરે તેવો આગ્રહ રાખ્યો છે. આકાશના નવા વર્ઝનની રેન્જ ૭૦ થી ૮૦ કિમીની છે. જો આ ડીલ ફાઈનલ થઈ તો આકાશનુ અપડેટ વર્ઝન ખરીદનાર વિયેતનામ પહેલો દેશ હતો. જોકે તેનુ ઉત્પાદન ૨૦૨૩થી શરૂ થવાનુ હોવાથી વિયેતનામને તેની નિકાસ કરવામાં ૨૦૨૫ સુધીનો સમય લાગી શકે છે.

પ્રાર્થનાસભા





સ્વ. સરોજબેન મુકુંદભાઈ પટેલ

જય સ્વામિનારાયણ,

મારા ધર્મપત્ની શ્રીમતી સરોજબેન મુકુંદભાઈ પટેલ
(ઉવારસદ - હાલ ગાંધીનગર)
તા.૫.૬.૨૦૨૨ને રવિવારના રોજ
શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં કરતાં અક્ષરનિવાસી થયેલ છે.

સદ્ગતની પ્રાર્થનાસભા તા.૧૨.૬.૨૦૨૨ ને રવિવારનાં રોજ
સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

રંગમંચ
સેકટર-૧૬, ગાંધીનગર.

મુકુંદભાઈ કનુભાઈ પટેલ (નિવૃત મેનેજર, SBI)
ભાવિન મુકુંદભાઈ પટેલ (પનઘટ કલા કેન્દ્ર)
કિંજલ ભાવિન પટેલ
સૌમ્ય ભાવિન પટેલ
બિંદુબેન દિપકકુમાર પટેલ (USA)
તૃપ્તિબેન મનીષકુમાર અમીન

રોહિતભાઈ કનુભાઈ પટેલ (USA)
સુશિલાબેન રોહિતભાઈ પટેલ (USA)
પ્રતિક રોહિતભાઈ પટેલ (USA)
હેતલ પ્રતિક પટેલ (USA)
સ્મિત પ્રતિક પટેલ (USA)
કાજલ રોહિતભાઈ પટેલ (USA)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળ અને સમયે રાખેલ છે.
રાજેશભાઈ ચુનીભાઈ પટેલ (ગામ : ભાત, ધોળકા)

સંપર્કસૂત્ર : ૯૮૭૯૦૫૭૫૫૬